| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૬/૦૭/૨૦૨૩ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## એક મહીલાને આત્મહત્યા કરવાના વિચારોમાંથી યોગ્ય કાઉન્સ્લીંગ કરી જીવન બચાવતી સરખેજ પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ ટીમ

૧૮૧ અભયમ હેલ્પલાઇન પર એક પીડીત સ્ત્રીનો ફોન આવે છે અને જણાવે છે કે પોતાને હાલ આત્મહત્યાના ખુબજ વિચારો આવી રહ્યા છે તમે મારી મદદે આવો નહિતર હુ મારા બાળકને મારી નાખી પોતે પણ મરી જઈશ. જેથી તાત્કાલીક સરખેજ ૧૮૧ અભયમ હેલ્પલાઈન ની ટીમ મહિલા પાસે પહોચે છે અને મહિલાનુ કાઉન્સલીંગ કરી પુછતા જણાવે છે કે થોડા વર્ષ પહેલા પોતાના પતિએ એક બીજી સ્ત્રી સાથે બીજા લગ્ન કરેલ. જે બીજી સ્ત્રીથી પતિએ છુટા છેડા પણ લઈ લીધેલ હતા. છતા પણ તેમનો પતિ બીજી સ્ત્રી સાથે રહે છે અને પોતાની સાથે પણ રહે છે. તેમનો પતિ તેમના તથા બાળકોના ભરણ પોષણ માટે પૈસા આપતા ના હોય. મહિલા તેના પતિ પાસે બીજી સ્ત્રીના ઘરે પૈસા માંગવા જાય છે જયાં તે બીજી સ્ત્રી તથા તેની બહેનોએ સ્ત્રીને ખુબ માર મારેલ હોય. અગાઉ પણ માર મારવાના બનાવો બની ગયેલ હોય. જેના કોર્ટ કેસ ચાલતા હોય જેનો ચુકાદો આવતો ના હોય. મહિલાને મનમાં લાગી આવતા આત્મહત્યાના વિચારો આવતા હોય કંઈ સુજતુ ના હોવાનુ જણાવતા. સરખેજ પો.સ્ટે. ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમ દ્વારા મહિલાનુ કાઉન્સલીંગ કરી તેમના બાળકોના ભવિષ્ય માટે સમજાવી આત્મહત્યાના વિચારોથી મુકત કરી જીવન જીવવા માટે યોગ્ય માર્ગદર્શન આપી પતિએ કરેલ વર્તન માટે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા સમજ કરી પીડીતાબેનને આગળની કાર્યવાહી કરવા નજીકના પોલીસ સ્ટેશનમાં આગળની કાયદેસર કાર્યવાહી કરવા મોકલી આપી મહિલાને કાઉન્સલીંગ દ્વારા આત્મહત્યા કરવાના વિચારોમાંથી મુકત કરી માનવીય અભીગમ બતાવી સારી કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર ટીમ -: સરખેજ પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૨૮૦ લીટર દેશી દારૂ, ૫૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૨૦ બિયર ટીન, ૧ સ્કુટર, ૧ ટ્રક, ૨ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ** **સમાચાર યાદી નં.૧૧૬૮/૨૦૨૩**

**વટવાઃ** પ્રભુભાઇ સ/ઓ આલજીભાઇ પરમાર (રહે. વંદના સોસાયટી ગણેશ મંદીર રોડ વટવા ગામ) એ તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૫/૦૭/૨૦૨૩ કલાક ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૭૪,૦૦૦/- અને મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૭૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ચેતનભાઇ હરજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૯/૨૦૨૩**

**માધવપુરાઃ** પ્રીતેશ મહેન્દ્રકુમાર ખરાડી (ઉ.વ.૨૧) (રહે. ત્રણ માળીયા બીજો માળ શાહીબાગ હેડકવાર્ટસ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૭/૨૦૨૩ રાતના ૯/૧૫ પહેલાં પોતાના રહેણાંક ખાતે પંખાના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રગ્નેશકુમાર દશરથલાલ ચલાવે છે.

**બાપુનગરઃ** પ્રકાશભાઇ તિપન્ના ચિલવેરી (ઉ.વ.૬૪) (રહે. શિવમ ફલેટ મ્યુનિસિપાલટી સ્કૂલ સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૩ કલાક ૧૧/૫૦ વાગ્યાના સુમારે પોતાના રહેઠાણ ખાતે છતના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી